

➢ ગુજરાતી મીડીયમ ફિઝિક્સ ના વિડીયો લેકચર જોવા માટે અમારી ચેનલને સબ્સ્ક્રાઇબ કરો : **youtube channel=physics gujarati**
https://www.youtube.com/channel/UCIdECUhTcZL8uSjVz7HtwZw

➢ **JEE NEET GUJCET** જેવી એકઝામ ને ઓનલાઇન આપવા માટે વેબસાઇટ પર સબ્સ્ક્રાઇબ કરો

http://www.scienceeducareexam.com/
http://www.scienceeducare.com/

➢ NEET નું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-previous-year-questiion-jee

➢ JEE નું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-previous-year-questiion-nee-3

➢ ગુજકેટનું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-gujrat-board-mcq

www.scienceeducare

NEET-AIPMT

સ્થિત વિદ્યુત સ્થિતિમાન ને કેપેસિટન્સ

1 બિંદુવત વિદ્યુતભારો + 4q, -q અને +4q ને x – અક્ષ પર અનુક્રમે બિંદુઓ x = 0, x = a અને x = 2a પાસે રાખેલ છે. તો ..... [AIPMT-1988]

(A) માત્ર-q સ્થાયી સંતુલનમાં છે.

(B) બધા વિદ્યુતભારો સ્થાયી સંતુલનમાં છે.

(C) બધા વિદ્યુતભારો **અસ્થાયી સંતુલનમાં** છે.

(D) એક પણ વિદ્યુતભાર સંતુલનમાં નથી

2 p ડાઈપોલ મોમેન્ટ ધરાવતા એક **વિદ્યુત** ડાઈપોલને નિયમિત વિદ્યુતક્ષેત્ર E માં સ્થિર **સંતુલનની** સ્થિતિમાં મુકેલ છે. તે મૂળભૂત સ્થાનથી θ જેટલા કોણે ભ્રમણ કરે છે. વિદ્યુત ડાઈપોલના અંતિમ સ્થાને **સ્થિતિઉર્જા**..... છે. [AIPMT-1994]

(A) $-pE\cos\theta$ (B) $pE(1-\cos\theta)$

(C) $pE\cos\theta$ (D) $pE\sin\theta$

3 r **ત્રિજ્યાના વર્તુળાકાર પથના કેન્દ્રએ** q_2 વિદ્યુતભારને મુકેલ છે. આ **સમસ્થિતિમાન પથની આસપાસ** q_1 **વિદ્યુતભારને ગતિ કરાવવા કરવું પડતું** કાર્ય..... હશે. [AIPMT-1994]

(A) $\frac{1}{4\pi\varepsilon_0}\times\frac{q_1q_2}{r^2}$ (B) $\frac{1}{4\pi\varepsilon_0}\times\frac{q_1q_2}{r}$

(C) શૂન્ય (D) અનંત

4 નીચે આપેલ આકૃતિ બે વિદ્યુતભારો q_1 અને q_2 ના કારણે ઉદભવતી બળ ક્ષેત્રરેખાઓ આપે છે. તો ..... [AIPMT-1994]



(A) q_1 ધન છે પણ q_2 ઋણ છે.

(B) q_1 ઋણ છે પણ q_2 ધન છે.

(C) બંને વિદ્યુતભારો ઋણ છે.

(D) બંને વિદ્યુતભારો ધન છે.

5 10 cm ત્રિજ્યાના એક પોલા ધાતુના **ગોળાને વિદ્યુતભારિત** કરવામાં આવે છે જેથી તેની સપાટી **પરનું** સ્થિતિમાન 80 V થાય છે. ગોળાના કેન્દ્ર એ સ્થિતિમાન હશે. [AIPMT-1994]

(A) 80 V (B) 800 V

(C) શૂન્ય (D) 8V

6 1 cm અને 2 cm **ત્રિજ્યાના** બે ધાત્વીક ગોળાઓને અનુક્રમે 10^{-2}C અને 5×10^{-2}C **વિદ્યુતભાર** આપવામાં આવે છે. જો તેમને સુવાહક તાર વડે જોડવામાં આવે તો નાના ગોળા પરનો અંતિમ વિદ્યુતભાર ..... છે. [AIPMT-1995]

(A) 3×10^{-2} C (B) 4×10^{-2} C

(C) 1×10^{-2} C (D) 2×10^{-2} C

7 વિદ્યુતક્ષેત્ર E x - **દિશામાં** છે. x – અક્ષની દિશામાં 60° નો કોણ બનાવતી રેખાની **દિશામાં** 0.2 C વિદ્યુતભારને 2m જેટલા અંતરે ગતિ કરાવવા કરવું પડતું કાર્ય 4J છે. તો E નું મૂલ્ય.....છે. [AIPMT-1995]

(A) 5 N/C (B) 20 N/C

(C) $\sqrt{3}$ N/C (D) 4 N/C

8 l બાજુના ઘનના કેન્દ્ર પર એક બિંદુવત વિદ્યુતભાર +q ને મુકેલ છે ઘનમાંથી બહાર નીકળતું ફલકસ..... છે. [AIPMT-1996]

(A) $\frac{6ql^2}{\varepsilon_0}$ (B) $\frac{q}{6l^2\varepsilon_0}$

(C) શૂન્ય (D) $\frac{q}{\varepsilon_0}$

9 C કેપેસિટન્સ અને V **સ્થિતિમાન** ધરાવતા કેપેસિટરમાં સંગ્રહ પામતી ઉર્જા ..... [AIPMT-1996]

(A) CV/2 (B) $C^2V^2/2$

(C) $C^2V/2$ (D) $CV^2/2$

10 એક પોલા અવાહક ગોળાને 10 μC નો ધન વિદ્યુતભાર આપવામાં આવે છે. જો ગોળાની ત્રિજ્યા 2 મીટર હોય તો ગોળાના કેન્દ્ર એ **વિદ્યુતક્ષેત્ર** ..... [AIPMT-1998]

(A) 20 μ Cm^{-2} (B) 5 μ Cm^{-2}

(C) શૂન્ય (D) 8 μ Cm^{-2}

11 એક m દળ અને q **વિદ્યુતભાર** ધરાવતા એક કણને નિયમિત વિદ્યુતક્ષેત્ર E માં સ્થિર સ્થિતિમાં મુકીને પછી છોડવામાં આવે છે. y **જેટલું** અંતર કાપ્યા પછી કણ વડે પ્રાપ્ત થતી ગતિઉર્જા ..... છે. [AIPMT-1998]

(A) qEy (B) qE^2y (C) qEy^2 (D) q^2Ey

12 P ડાઈપોલ **મોમેન્ટ** ધરાવતાં **વિદ્યુત** ડાઈપોલના

લંબદ્વિભાજક પર બિંદુવત **વિદ્યુતભાર** Q ને મુકેલ છે. જોડાઈપોલથી વિદ્યુતભાર Q **નું અંતર હોય તો** (હાઈપોલની સાઈઝ કરતા ખૂબ વધારે) Q એ ઉદભવતું વિદ્યુતક્ષેત્ર ના સમપ્રમાણમાં છે. **[AIPMT-1998]**

(A) P^2 અને r^{-3} (B) P અને r^{-2}

(C) P^{-1} અને r^{-2} (D) P અને r^{-3}

13 બિંદુઓ X અને Y **વચ્ચે અસરકારક કેપેસિટન્સ**...છે. **[AIPMT-1999]**



(A) 12 μF (B) 18 μF (C) 24 μF (D) 6 μF

14 જ્યારે હવાને K **ડાઈઈલેકટ્રીક અચળાંક ધરાવતા** ડાઈઈલેકટ્રીક માધ્યમ વડે **બદલવામાં આવે ત્યારે એકબીજાથી સમાન અંતરે આવેલા બે વિદ્યુતભારો** વચ્ચે લાગતા મહત્તમ આકર્ષણબળમાં....છે. **[AIPMT-1999]**

(A) K ગણો વધારો થશે (B) **બદલાશે નહિ**

(C) K ગણો ઘટાડો થશે (D) K^{-1} ગણો વધારો થશે.

15 **જ્યારે એક ઈલેકટ્રોન તરફ બીજા ઈલેકટ્રોનને લાવવામાં** આવે ત્યારે તંત્રની સ્થિત વિદ્યુત **સ્થિતિઉર્જા** **[AIPMT-1999]**

(A) શૂન્ય થશે (B) વધશે (C) ઘટશે (D) સમાન રહેશે

16 **સમાંતર પ્લેટ કેપેસિટરની પ્લેટો વચ્ચે ઓઈલ ભરેલ છે.** (ઓઈલનો **ડાઈ ઈલેકટ્રીક અચળાંક** K = 2) જેનું કેપેસિટન્સ C છે. જો ઓઈલને **દૂર કરવામાં આવે ત્યારે** દરેક કેપેસિટરનું કેપેસિટન્સ **[AIPMT-1999]**

(A) C / $\sqrt{2}$ (B) 2C

(C) $\sqrt{2}\,C$ (D) C / 2

17 ધનના શિરોબિંદુ પર એક Q **વિદ્યુતભારને** મુકેલ છે. ધનની બધી છ ફલક (સપાટી) માંથી પસાર થતું વિદ્યુત ફલકસ....છે. **[AIPMT-2000]**

(A) $\frac{Q}{6\varepsilon_0}$ (B) $\frac{Q}{8\varepsilon_0}$

(C) $\frac{Q}{\varepsilon_0}$ (D) $\frac{Q}{2\varepsilon_0}$

18 a ત્રિજ્યા અને રેખીય વિદ્યુતભાર ઘનતા λ ધરાવતા એક અર્ધવર્તુળના કેન્દ્ર O પાસે વિદ્યુતક્ષેત્ર..... છે. **[AIPMT-2000]**

(A) $\frac{2\lambda}{\varepsilon_0 a}$ (B) $\frac{\lambda\pi}{\varepsilon_0 a}$

(C) $\frac{\lambda}{2\pi\varepsilon_0 a}$ (D) $\frac{\lambda}{\pi\varepsilon_0 a}$

19 એક કેપેસિટરને બેટરી **વડે** વિદ્યુતભારિત કરવામાં આવે છે અને સંગ્રહ **પામતી ઉર્જા** U છે. બેટરીને દૂર કર્યા પછી બીજા સમાન **કેપેસિટન્સ** ધરાવતા કેપેસિટરને પ્રથમ કેપેસિટર સાથે સમાંતરમાં જોડવામાં આવે છે. તો દરેક કેપેસિટરમાં **સંગ્રહ પામતી ઉર્જા**.....છે. **[AIPMT-2000]**

(A) U / 2 (B) U / 4

(C) 4 U (D) 2 U

20 A ક્ષેત્રફળ, પ્લેટો વચ્ચેનું અંતર d અને V વિદ્યુતસ્થિતિમાનના તફાવત રાખેલ એક કેપેસિટરમાં એકમ કદ દીઠ ઉર્જા .....છે. **[AIPMT-2001]**

(A) $\frac{1}{2}\varepsilon_0\frac{V^2}{d^2}$ (B) $\frac{1}{2\varepsilon_0}\frac{V^2}{d^2}$

(C) $\frac{1}{2}CV^2$ (D) $\frac{Q^2}{2C}$

21 $\vec{p}$ ડાઈપોલ મોમેન્ટ ધરાવતા એક વિદ્યુત ડાઈપોલને નિયમિત વિધુતક્ષેત્ર $\vec{E}$ માં મુકવામાં આવે છે તો તેના પર લાગતું ટોર્ક .... વડે આપવામાં આવે **[AIPMT-2001]**

(A) $\vec{\tau} = \vec{p}.\vec{E}$ (B) $\vec{\tau} = \vec{p} \times \vec{E}$

(C) $\vec{\tau} = \vec{p} + \vec{E}$ (D) $\vec{\tau} = \vec{p} - \vec{E}$

22 **ઘનના કેન્દ્ર પર એક વિદ્યુતભાર** Q μC ને રાખેલ છે. દરેક સપાટીમાંથી **બહાર આવતું ફલકસ** .... હશે. **[AIPMT-2001]**

(A) $\frac{Q}{6\varepsilon_0}\times 10^{-6}$ (B) $\frac{Q}{6\varepsilon_0}\times 10^{-3}$

(C) $\frac{Q}{24\varepsilon_0}$ (D) $\frac{Q}{8\varepsilon_0}$

23 b **બાજુના ઘનના દરેક શિરોબિંદુ** પર સમાન વિધુતભારો (-q) ને મુકેલા છે. તો ઘનના કેન્દ્ર એ મુકેલ (+q) **વિદ્યુતભારની સ્થિત વિદ્યુત સ્થિતિઉર્જા**.... હશે. **[AIPMT-2002]**

(A) $\frac{-4\sqrt{2}q^2}{\pi\varepsilon_0 b}$ (B) $\frac{-8\sqrt{2}q^2}{\pi\varepsilon_0 b}$

(C) $\frac{-4q^2}{\sqrt{3}\pi\varepsilon_0 b}$ (D) $\frac{8\sqrt{2}q^2}{4\pi\varepsilon_0 b}$

24 C_1 કેપેસિટન્સ ધરાવતા કેપેસિટરને V વોલ્ટ સુધી વિદ્યુતભારિત (ચાર્જ) **કર્યા** પછી બીજા C_2 કેપેસિટન્સ ધરાવતા **વિદ્યુતભારરહિત** કેપેસિટર સાથે જોડવામાં આવે છે. કેપેસિટરના દરેક છેડા વચ્ચે ઉદભવતો અંતિમ વિધુતસ્થિતિમાનનો તફાવત ..... હશે. **[AIPMT-2002]**

(A) $\frac{C_2 V}{C_1+C_2}$ (B) $\frac{C_1 V}{C_1+C_2}$

(C) $\left(1+\frac{C_2}{C_1}\right)$ (D) $\left(1-\frac{C_2}{C_1}\right)V$

25 **સુવાહકને અમુક વિદ્યુતભાર** આપવામાં આવે છે. તો તેનું સ્થિતિમાન **[AIPMT-2002]**

(A) સપાટીએ મહત્તમ

www.scienceeducare.com

(B) કેન્દ્રએ ન્યૂનત્તમ

(C) સમગ્ર સુવાહકમાં સમાન

(D) સપાટી **અને કેન્દ્ર વચ્ચે કોઈ જગ્યાએ મહત્તમ હોય**

26 દરેકનું કેપેસિટન્સ 4uF હોય **તેવા ત્રણ કેપેસિટરોને એવી** રીતે જોડવામાં **આવે છે જેથી અસરકાર કેપેસિટન્સ** 6uF થાય. આ તો જ શકય છે જો [AIPMT-2003]

(A) બધાને શ્રેણીમાં જોડવામાં આવે

(B) બધાને સમાંતરમાં જોડવામાં આવે

(C) **બે ને શ્રેણીમાં અને એકને સમાંતરમાં જોડવામાં આવે**

(D) બે **ને સમાંતર અને એકને શ્રેણીમાં જોડવામાં આવે.**

27 એક વિદ્યુતભાર q ને ધનના કેન્દ્ર પર **સ્થિત** કરેલ છે. કોઈ પણ ફલક (સપાટી) માંથી પસાર થતું **વિદ્યુત** ફલકસ... છે. [AIPMT-2003]

(A) $\frac{2\pi q}{6(4\pi\varepsilon_0)}$ (B) $\frac{4\pi q}{6(4\pi\varepsilon_0)}$

(C) $\frac{\pi q}{6(4\pi\varepsilon_0)}$ (D) $\frac{q}{6(4\pi\varepsilon_0)}$

28 2g દળની ગોળી 2μc જેટલો **વિધુતભાર** ધરાવે છે. સ્થિર સ્થિતિમાંથી શરૂ કરી ગોળી 10 m /s નો વેગ પ્રાપ્ત કરે તે માટે તેને ... વિદ્યુત સ્થિતિમાનના તફાવતની પ્રવેગિત કરવી જોઈએ. [AIPMT-2004]

(A) 5 kV (B) 50 kV (C) 5 V (D) 50 V

29 એક વિદ્યુત ડાઈપોલના વિદ્યુતભારનું **મૂલ્ય** q અને તેની ડાઈપોલ મોમેન્ટ p છે. તેને નિયમિત વિધુતક્ષેત્ર E માં મુકવામાં આવે છે. જો તેની ડાઈપોલ મોમેન્ટ ક્ષેત્રની દિશામાં હોય તો તેના પર લાગતું બળ અને તેની સ્થિતિઉર્જા અનુક્રમે છે. [AIPMT-2004]

(A) 2q.E અને ન્યૂનતમ (B) q.E અને p.E

(C) શૂન્ય અને ન્યૂનત્તમ (D) q.E અને મહત્તમ

30 આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ચાર **કેપેસિટરોથી** બનતા પરિપથને બેટરી સાથે જોડેલ છે. આ કેપેસિટરોના કેપેસિટન્સ C_1 = C, C_2 = 2C, C_3 = 3C અને C_4 = 4C છે. C_2 અને C_4 પરના વિદ્યુતભારોનો **ગુણોત્તર** છે. [AIPMT-2005]



(A) 4 / 7 (B) 3 / 22

(C) 7 / 4 (D) 22 / 3

31 **આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બિંદુવત વિદ્યુતભાર** +q ને ઉગમબિંદુ O પર **મુકેલ છે.** બીજા બિંદુવત વિદ્યુતભાર –Q ને A બિંદુથી [ચામ (0,a)] બીજા B બિંદુ સુધી ચામ (a,0)] સુરેખ પથ AB ની દિશામાં લઈ જવા માટે કરવું પડતું કાર્ય ..... છે. [AIPMT-2005]



(A) **શૂન્ય** (B) $\left(\frac{qQ}{4\pi\varepsilon_0}\frac{1}{a^2}\right)\cdot\sqrt{2}a$

(C) $\left(\frac{-qQ}{4\pi\varepsilon_0}\frac{1}{a^2}\right)\cdot\sqrt{2}a$ (D) $\left(\frac{qQ}{4\pi\varepsilon_0}\frac{1}{a^2}\right)\cdot\frac{a}{\sqrt{2}}$

32 **આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બે વિદ્યુતભારે** q_1 અને q_2 ને 30 cm ના **અંતરે મુકેલા છે.** ત્રીજો વિદ્યુતભાર q_3 40 cm **ત્રિજ્યાના વર્તુળની ચાપની** દિશામાં C થી D તરફ ગતિ કરે છે. **તંત્રની સ્થિતિઉર્જામાં** થતો ફેરફાર $\frac{q_3}{4\pi\varepsilon_0}$K જ્યાં K..... છે. [AIPMT-2005]



(A) $8q_1$ (B) $6q_1$ (C) $8q_2$ (D) $6q_2$

33 **હવાનું માધ્યમ ધરાવતા સમાંતર પ્લેટ કેપેસિટરને** V વોલ્ટ સુધી ચાર્જ કરેલ છે. ચાર્જિંગ બેટરીને દૂર કરીને **અવાહક હેન્ડલ વડે બે પ્લેટો વચ્ચેનું અંતર** વધારવામાં **આવે તો બે પ્લેટો વચ્ચેનો વિદ્યુત સ્થિતિમાનનો તફાવત** [AIPMT-2006]

(A) વધશે (B) ઘટશે

(C) બદલાશે નહિ (D) શુન્ય થશે.

34 **વિદ્યુત ડાઈપોલ મોમેન્ટ** $\vec{P}$ ને નિયમિત વિધુતક્ષેત્ર $\vec{E}$ માં મુકવામાં આવે છે. ડાઈપોલને 90° ના કોણે ભમણ કરાવવા કરવું **પડતું કાર્ય છે.** [AIPMT-2006]

(A) PE (B) $\sqrt{2}$ PE

(C) PE/2 (D) 2PE

35 પાનના સમતલમાં Lમીટર બાજુ ધરાવતી ચોરસ સપાટી

છે.નિયમિત વિધુતક્ષેત્ર $\vec{E}\,\frac{volt}{m}$ પાનના સમતલમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ માત્ર ચોરસના નીચેના અડધા ભાગમાં છે આસપાટી સાથે સંકળાયેલું વિદ્યુત ફલક્સ SI એકમમાં ..... હોય.

[AIPMT-2006]



(A) EL^2 (B) $\frac{EL^2}{2\varepsilon_0}$

(C) $\frac{EL^2}{2}$ (D) શૂન્ય

36 એક પોલા નળાકારમાં qકુલંબ વિદ્યુતભાર છે, જો નળારકારની વક્ર સપાટી B સાથે સંકળાયેલું ફલક્સ ϕ વોલ્ટ - મીટરએકમમાં હોય તો સમતલ સપાટી A સાથે સંકળાયેલું ફલક્સ વોલ્ટ - મીટર એકમમાં ..... હશે. **[AIPMT-2007]**



(A) $\frac{q}{2_{\varepsilon o}}$ (B) $\frac{\phi}{3}$

(C) $\frac{q}{\varepsilon_o}-\phi$ (D) $\frac{1}{2}(\frac{q}{\varepsilon_o}-\phi)$

37 ત્રણ વિદ્યુતભારો +q, -2q , અને +q ને અનુક્રમે $(x=0,y=a,z=0)$, $(x=0,y=0,z=0)$ અને $(x=a,y=0,z=0)$ બિંદુઓ પર મુકેલા છે. આવિદ્યુતતંત્રના વિદ્યુત ડાઈપોલનું મૂલ્ય અને દિશા ..... **[AIPMT-2007]**

(a) $\sqrt{2}\ qa+y$ દિશામાં

(b) $\sqrt{2}qa$ $(x=a,y=0,z=0)$ અને $(x=a,y=a,z=0)$)બિંદુઓ ને જોડતી રેખા પર

(c) qa $(x=0,y=0,z=0)$ અને $(x=a,y=a,z=0)$)બિંદુઓ ને જોડતી રેખા પર

(d) $\sqrt{2}qa+x$ દિશામાં

38 R ત્રિજ્યા વાળી પાતળી વાહક રિંગને Q વિદ્યુતભાર આપેલછે.રિંગનાAKB ભાગ પરના વિદ્યુતભારને લીધે રિંગનાકેન્દ્ર O પર વિદ્યુતક્ષેત્ર E છે રિંગના ACDB ભાગ પરના વિદ્યુતભારના લીધે રિંગના કેન્દ્ર પર વિદ્યુતક્ષેત્ર ..... ની દિશામાં છે. **[AIPMT-2008]**



(a) E, KO તરફ (b) 3E, OK તરફ

(c) 3E, KO તરફ (d) E, OK તરફ

39 q વિદ્યુતભાર ધરાવતા બે ધન આયનોનેd અંતરે અલગમૂકેલા છે. જો આ બે આયનો વચ્ચે લાગતુ અપાકર્ષણ બળF હોય તો દરેક આયને ગુમાવેલા ઈલેકટ્રોનની સંખ્યા .....હશે

[AIPMT-2010]

(A) $\frac{4\pi\varepsilon_0 Fd^2}{e^2}$ (B) $\sqrt{\frac{4\pi\varepsilon_0 Fe^2}{d^2}}$

(C) $\sqrt{\frac{4\pi\varepsilon_0 Fd^2}{e^2}}$ (D) $\frac{4\pi\varepsilon_0 Fd^2}{q^2}$

40 પાનના સમતલમાં દર્શાવ્યા મુજબ L મીટર લંબાઇ હોય તેવી ચોરસ સપાટીને, ચોરસની સમક્ષિતિજ સપાટી સાથે θ કોણે નિયમિત વિદ્યુતક્ષેત્ર $\vec{E}\,\frac{volt}{m}$ હોય તેમાં મુકેલ છે. હુંઆ સપાટી સાથે સંકળાયેલુ વિદ્યુત ફલકસ $\frac{volt}{m}$ એકમમાં .....

[AIPMT-2010]



(A) EL^2 (B) $EL^2\cos\theta$

(C) $EL^2\sin\theta$ (D) શૂન્ય

41 ગોળાકાર ગાઉસિયન સપાટી વડે ઘેરાયેલો વિદ્યુત ભાર Q છે,જો સપાટીની ત્રિજ્યા બમણી કરવામાં આવે તો બહાર નીકળવું ફલકસ ..... **[AIPMT-2011]**

(A) ચાર ગણું થશે. (B) અડધું થશે.

(C) સમાન હશે. (D) બમણું થશે.

42 a બાજુવાળા ઘનના કોઇ એક શિરોબિંદુ પર બિંદુવત વિદ્યુતભારq હોય તો ઘનમાંથી પસાર થતું ફલકસ ટેટાનું? **[AIPMT-2012]**

(a) $\frac{2q}{\varepsilon_0}$ (b) $\frac{q}{8\varepsilon_0}$

(c) $\frac{q}{\varepsilon_0}$ (d) $\frac{q}{2\varepsilon_0}$

43 વિદ્યુત ક્ષેત્રની તીવ્રતા E માં P જેટલી ડાઈપોલ મોમેન્ટ ધરાવતી વિદ્યુત ડાઈપોલ મૂકેલ છે. ડાઈપોલ વિદ્યુતક્ષેત્ર સાથે θ કોણે ગોઠવાય છે. જયારે $\theta = 90^0$ હોય ત્યારે ડાઈપોલની સ્થિતિ-ઊર્જા શૂન્ય ધારીએ તો ડાઈપોલના ટોર્ક અને સ્થિતિ-ઊર્જા અનુક્રમે

www.scienceeducare.com

..... હશે. [AIPMT-2012]

(a) $pE\sin\theta, -pE\cos\theta$

(b) $pE\sin\theta, -2pE\cos\theta$

(c) $pE\sin\theta, pE\cos\theta$

(d) $pE\cos\theta, -pE\sin\theta$

44 સમાન વિદ્યુતભારિત બે પિચ-બોલ એક જ આધારબિંદુ પરથીસમાન લંબાઈની દોરીઓ વડે લટકાવેલ છે. સમમતુલિતઅવસ્થામાં તેમની વચ્ચેનું અંતર r છે. હવે બંને દોરીઓને તેનીઅડધી ઊંચાઈ એ દૃઢ રીતે બાંધી દેવામાં આવે છે. એ સમતુલિતઅવસ્થામાં બંને બોલ વચ્ચેનું અંતર ..... થશે. [AIPMT-2013]



(a) $\left(\frac{1}{\sqrt{2}}\right)^2$ (b) $\left(\frac{r}{\sqrt[3]{2}}\right)$

(c) $\left(\frac{2r}{\sqrt{2}}\right)$ (d) $\left(\frac{2r}{3}\right)$

45 કોઈ એક વિસ્તારમાં વિદ્યુતક્ષેત્ર ત્રિજ્યાવર્તી બહારની દિશામાંE = Ar મૂજબ બદલાય છે. વિદ્યુતભાર ધરાવતો એક a ત્રિજ્યાનોગોળો જેનું કેન્દ્ર યામ પદ્ધતિના ઉગમ બિંદુ પર આવેલ હોય તેનોવિદ્યુતભાર નીચેનામાંથી કયા સૂત્ર વડે આપી શકાય.

[AIPMT-2015]

(A) $A\varepsilon_0 a^2$ (B) $4\pi\varepsilon_0 Aa^3$

(C) $\varepsilon_0 Aa^3$ (D) $4\pi\varepsilon_0 Aa^2$

46 $2\times10^5\ N/C$ ના વિદ્યુતક્ષેત્રમાં એક ડાઇપોલ 30^0 ના ખૂણે મુકેલી છે તેના પર લાગતું ડાર્ક 4 Nm છે ના ડાઇપોલનીલંબાઇ 2 cm હોય તો ડાઇપોલના વિદ્યુતભાર જણાયા.

\ [AIPMT-2016]

(a) 4 mC (b) $2\mu C$

(c) 8 mC (d) 2 Mc

47 + q અને −q વિદ્યુતભારોને એકબીજાથી 2L, અંતરે અનુક્રમેA અને B પર મુકેલ છે. C એ AB નુ મધ્યબિંદુ છે, તો + Q વિદ્યુતભારને અર્ધવર્તુળ પરCRD માર્ગે C થી D પર લઇ જવા કરવુ પડતુ કાર્ય ..... [AIPMT-2007]



(a) $\frac{qQ}{4\pi\varepsilon_0 L}$ (b) $\frac{qQ}{2\pi\varepsilon_0 L}$

(c) $\frac{qQ}{6\pi\varepsilon_0 L}$ (d) $\frac{-qQ}{6\pi\varepsilon_0 L}$

48 આકૃત્તિમાં દશાવ્યા પ્રમાણે C અને $\frac{C}{2}$ કેપેસિટન્સ ધરાવતા બે કેપેસિટરને V બોલ્ટની બેટરી સાથે જોડેલ છે. બંને કેપેસિટરોનેપૂર્ણ ચાર્જ કરવા કરવુ પડતુ કાર્ય ..... છે. [AIPMT-2007]



(a) $\frac{1}{4}CV^2$ (b) $\frac{3}{4}CV^2$

(c) $\frac{1}{2}CV^2$ (d) $2CV^2$

49 Q કુલંબવિધુતભારનુ અવકાશમાંના કોઇ એક બિંદુએ વિદ્યુત સ્થિતિમાન $Q\times10^{11}$ વોલ્ટ છે. તો તે બિંદુએ વિદ્યુત ક્ષેત્ર .... છે. [AIPMT-2008]

(a) $4\pi\varepsilon_0 Q\times10^{20}\ \frac{volt}{m}$

(b) $12\pi\varepsilon_0 Q\times10^{22}\ \frac{volt}{m}$

(c) $4\pi\varepsilon_0 Q\times10^{22}\ \frac{volt}{m}$

(d) $12\pi\varepsilon_0 Q\times10^{20}\ \frac{volt}{m}$

50 Aઆડછેદનું ક્ષેત્રફળ અને બે પ્લેટો વચ્ચેનુ અંતર d ધરાવતા સમાંતર પ્લેટ કેપેસિટરનેં ચાર્જ કરી પ્લેટો વગ્ચે નિયમિત વિદ્યુતક્ષેત્ર E મેળવવા (ચાર્જ કરવા) માટે જરૂરી ઉર્જા .....

[AIPMT-2008]

(a) $\varepsilon_0 E^2 Ad$ (b) $\frac{1}{2}\varepsilon_0 E^2 Ad$

(c) $\varepsilon_0 E^2/Ad$ (d) $\varepsilon_0 E^2/Ad$

51 ત્રણ સમકેન્દ્રીય ધાતુની કવચોની ત્રિજ્યાઓ a,b, અને c, (a<b<c) અને પૃષ્ઠ વિદ્યુતભાર ઘનતાઓ અનુક્રમે $\sigma, -\sigma$ અને σ ધરાવે છે: જો V_A, V_B, અને V_Aત્રણ કવચો પરના સ્થિતિમાન હોય તો $c = a + b$ માટે ..... [AIPMT-2009]

(a) $V_C = V_B \neq V_A$ (b) $V_C \neq V_B \neq V_A$

(c) $V_C = V_B = V_A$ (d) $V_C = V_A \neq V_B$

52 દરેક નું કેપેસિટન્સ અને બ્રેકડાઉન વોલ્ટેજ V ધરાવતા ત્રણકેપેસ્ટિરોને શ્રેણીમાં જોડેલ છે. આ જોડાણનું કેપેસિટન્સ અનેબ્રેકડાઉન વોલ્ટેજ .....

www.scienceeducare.com

(a) 3C, $\frac{V}{3}$ (b) $\frac{C}{3}$, 3V

(c) 3C,3V (d) $\frac{C}{3}$, $\frac{V}{3}$

53 વિદ્યુતસ્થિતિમાન કોઇ એક બિંદુ (x, y, z) પાસે નીચેમુજબ અપાય છે

$V = -x^2y - xz^3 + 4$ તે બિંદુ પાસે વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ કેટલુ હશે ? **[AIPMT-2009]**

(a) $\vec{E} = \hat{i}2xy + \hat{j}(x^2 + y^2) + \hat{k}(3xz - y^2)$

(b) $\vec{E} = \hat{i}z^3 + \hat{j}xyz + \hat{k}z^2$

(c) $\vec{E} = \hat{i}(2xy - z^3) + \hat{j}xy^2 + \hat{k}3z^2x$

(d) $\vec{E} = \hat{i}(2xy + z^3) + \hat{j}x^2 + \hat{k}3xz^2$

54 C_1 મૂલ્યના n_1 કેપેસિટરોને શ્રેણીમાં જોડીને 4V વિદ્યુત સ્થિતિમાન ઉદ્ગમ સાથે જોડી ચાર્જ કરવામાં આવે છે, જયારેબીજા C_2 મૂલ્યના n_2 કેપેસિટરીને સમાંતર જોડી V વિદ્યુત સ્થિતિમાનના ઉદ્ગમ વડે ચાર્જ કરવામાં આવે છેઃ તેમાં સંગ્રહ પામતી કુલ ઉર્જા પ્રથમ કિસ્સામાં સંગ્રહ પામતી ઉર્જા જેટલી સમાન હોય તો C_2 નું મુલ્ય C_1 ના પદમાં ..... **[AIPMT-2010]**

(a) $\frac{16C_1}{n_1n_2}$ (b) $\frac{2C_1}{n_1n_2}$

(c) $16\frac{n_2}{n_1}C_1$ (d) $2\frac{n_2}{n_1}C_1$

55 સમાંતર પ્લેટ કેપેસીટરની બે પ્લેટો વચ્ચેનો અવકાશ વિદ્યુતક્ષેત્ર E(V/m) ધરાવે છે, જો બે પ્લેટો વચ્ચેનું અંતરd(m) અને દરેક પ્લેટનું ક્ષેત્રફળ A (m^2) હોય તો કેપેસિટરમાં સંગ્રહિત ઉર્જા(jouble) ..... **[AIPMT-2011]**

(a) $\frac{E^2Ad}{\varepsilon_0}$ (b) $\frac{1}{2}\varepsilon_0E^2$

(c) ε_0EAd (d) $\frac{1}{2}\varepsilon_0E^2Ad$

56 આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે 2L બાજુના ચાર શિરોબિંદુ પર+q, +q, -q અને –q વિદ્યુતભારો મુકેલા છે. +q અને -qવિદ્યુતભારોની મધ્યમાં બિંદુ A પાસે વિદ્યુતસ્થિતિમાન ..... છે. **[AIPMT-2011]**



(a) $\frac{1}{4\pi\varepsilon_0}\frac{2q}{L}(1+\sqrt{5})$

(b) $\frac{1}{4\pi\varepsilon_0}\frac{2q}{L}(1+\frac{1}{\sqrt{5}})$

(c) $\frac{1}{4\pi\varepsilon_0}\frac{2q}{L}(1-\frac{1}{\sqrt{5}})$

(d)શૂન્ય

57 ચાર વિદ્યુતભારો -Q,-q,2q અને 2Q ચોરસના દરેક ખૂણા પર એક મુકેલા છે. ચોરસના કેન્દ્ર પર સ્થિતમાન શૂન્ય થાયતે માટે Q અને qવચ્ચેનો સંબંધ ..... **[AIPMT-2012]**

(a) Q = –q (b) $Q = \frac{-1}{q}$

(c) Q = q (d) $Q = \frac{1}{q}$

58 A, B અને C નિયમિત વિદ્યુતક્ષેત્રમાં આવેલા ત્રણ બિંદુઓ છે.તો વિદ્યુતસ્થિતિમાન ..... **[AIPMT-2013]**

(a) A પાસે મહત્તમ હોય.

(b) B પાસે મહત્તમ હોય.

(c) C પાસે મહત્તમ હોય

(d)ત્રણેય બિંદુઓ પાસે એક સમાન હોય.

59 સમાંતર પ્લેટ કેપેસીટરની બે પ્લેટ વચ્ચે બે પાતળા ડાઈઈલેક્ટ્રીક જે અનુક્રમે k_1 અને k_2 જેટલોડાઈઈલેકટ્રીક અચળાંક ($k_1 < k_2$) ધરાવે છે. જે મુકવામાં આવેછે, તો તેના કારણે બે પ્લેટ વચ્ચે બદલાતુ વિદ્યુતક્ષેત્ર Eઅનેપ્લેટના વચ્ચેના અંતર d નો સાચો આલેખ પસંદ કરો અંતરપ્લેટ P થી ગણવામાં આવે છે.

[AIPMT-2013]



60 Rત્રિજ્યા અને Q જેટલો વિદ્યુતભાર ધરાવતા વિદ્યુતવાહકગોળા માટે તેના કેન્દ્ર પાસે વિદ્યુતસ્થિતિમાન અને વિદ્યુતક્ષેત્ર જણાવો. **[AIPMT-2013]**

(a)શૂન્ય અને $\frac{Q}{4\pi\varepsilon_0R^2}$ (b) $\frac{Q}{4\pi\varepsilon_0R}$ અને શૂન્ય

(c) $\frac{Q}{4\pi\varepsilon_0R}$ અને $\frac{Q}{4\pi\varepsilon_0R^2}$ (d)એક પણ નહીં.

www.scienceeducare.com

61 કોઈ એક સમતલ માટે સ્થિતિમાન $V(x,y,z)=6x-8xy-8y+6yz$ જ્યાં $V \rightarrow volt$ અને x, y, z મીટરમાં છે. તો 2C વિદ્યુતભાર પર બિંદુ $(1,1,1)$ પર અનુભવાતું વિદ્યુતીય બળ ગણો. **[AIPMT-2013]**

(a) $6\sqrt{5N}$ (b) 30 N

(c) 24 N (d) $4\sqrt{35N}$

62 આકૃતિમાં $2\mu F$ નું વિજભારીત કેપેસીટર દર્શાવેલ છે. જો સ્વીચ (2) શરૂ કરવામાં આવે તો કેપેસીટરમાં વીખેરણ પામતી ઊર્જાની ટકાવારી દર્શાવો. **[AIPMT-2013]**



(a) 0 % (b) 20 %

(c) 75 % (d) 80 %

63 એક સમાંતર પ્લેટ કેપેસીટરનું ક્ષેત્રફળ A છે. આકૃતીમાં દર્શાવ્યા મુજબ બંને પ્લેટ વચ્ચેનું અંતર તે અને કુલ કેપેસીટન્સ C છે. અહી ચાર પ્રકારના ડાઇઇલેકટ્રીક અચળાંક જેમ કે k_1, k_2, k_3 અને k_4 ધરાવતા પદાર્થ છે. જો અહીં એક જ પ્રકારનું ડાઇઇલેકટ્રીક કવ્ય વાપરવામાં આછે અને બધાનું કુલ કેપેસીટન્સ C જ રહે તો ડાઇઇલેકટ્રીક અચળાંકનું સુત્ર જણાવો. **[AIPMT-2013]**



(a) $\frac{2}{k}=\frac{3}{k_1+k_2+k_3}+\frac{1}{k_4}$

(b) $\frac{1}{k}=\frac{1}{k_1}+\frac{1}{k_2}+\frac{1}{k_3}+\frac{3}{2k_4}$

(c) $k=k_1+k_2+k_3+3k_4$

(d) $k=2/3(k_1+k_2+k_3)+2k_4$

64

65

www.scienceeducare.com

ANSWER															
Q	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15
A	C	B	C	C	A	D	B	D	D	A	A	D	D	C	B
Q	16	17	18	19	20	21	22	23	24	25	26	27	28	29	30
A	D	B	C	B	A	B	A	C	B	C	C	B	B	C	B
Q	31	32	33	34	35	36	37	38	39	40	41	42	43	44	45

A	A	C	A	A	D	D	C	D	C	D	C	B	A	B	B
Q	46	47	48	49	50	51	52	53	54	55	56	57	58	59	60
A	B	D	B	C	*	D	B	D	A	D	C	A	B	C	B
Q	61	62	63												
A	D	D	*												

www.scienceeducare.com

NEET

SCIENCE EDUCARE
www.scienceeducare.com

11 સ્થિત વિધુત સ્થિતિમાન ને કેપેસિટન્સ

1 એક વિદ્યુતભાર પર બાજા વિદ્યુતભારના કારણે લાગતું બળ શુન્ય છે. આમ છતાં રેખાની દિશામાં રહેલા વિદ્યુતભારો દ્વારા થતીખલેલ વિદ્યુતભારોને પાછા લાવી શકશે નહિ.

2 ડાઈપોલને તેની મૂળભૂત સ્થતિમાંથીθજેટલાં ખૂણે ભ્રમર કરાવવા ડાઈપોલ પર કરવું પડતું કાર્યθ= 0°થી θજેટલું છે.
∴ સ્થિતિઉર્જા = pE (1- cos θ)

3 સમસ્થિતિમાન સપાટી પર વિદ્યુતભારને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવા માટે કરવું પડતું કાર્ય શૂન્ય છે.

4 બળ-ક્ષેત્રરેખાઓ ધન વિદ્યુતભારથી શરૂ થઈને ત્રણ વિદ્યુતભારમાં અંત પામે છે. બંને વિદ્યુતભારો માટે ક્ષેત્રરેખાઓ અંત પામતી હોવાથી બંને વિદ્યુતભારો ઋણ છે

5 ગોળાની અંદર સ્થિતિમાન સપાટી પરના સ્થિતિમાન જેટલું જ હોય છે તેથી 80 V

6 ગોળાની ત્રિજ્યાઓ (R_1)=1 cm=1× 10^{-2}m ;
(R_2)=2 cm= 2 × 10^{-2}m અને ગોળા પરના વિદ્યુતભારો
(Q_1)=10^{-2} Cઅને (Q_2)=5× 10^{-2}C
સામાન્ય સ્થિતિમાન(V)=$\frac{\text{કુલવિદ્યુતભાર}}{\text{કુલકેપેસિટન્સ}}=\frac{Q_1+Q_2}{C_1+C_2}$

$=\frac{(1\times10^{-2})+(5\times10^{-2})}{4\pi\varepsilon_0\times10^{-2}+4\pi\varepsilon_0(2\times10^{-2})}$

તેથી નાના ગોળા પરનો અંતિમ વિદ્યુતભાર
$=4\pi\varepsilon_0\times10^{-2}\times\frac{6\times10^{-2}}{4\pi\varepsilon_0\times310^{-2}}$

= 2× 10^{-2}C

7 વિદ્યુતભાર (q) =0.2 C; અંતર (d) =2m;
ખૂણો θ=60^{0}અને કાર્ય (W) =4J
વિદ્યુતભારને ગતિ કરાવવા કરવું પડતું કાર્ય (W) = F.d cosθ
= qE d cos θ
અથવા$E=\frac{W}{qd\cos\theta}=\frac{4}{0.2\times2\times cos\ 60^0}=\frac{4}{0.4\times0.5}$
=20 N/C

8 ધનમાંથીબહાર નીકળતું ફલક્સ ધનના માપ (Size)પર આધાર રાખતું નથી.
કુલ ફલક્સ = $\frac{q}{\varepsilon_0}$

9 કેપેસિટરમાં સંગ્રહ પામતી ઉર્જા $\frac{CV^2}{2}$

10 સુવાહક ગોળાની અંદર વિદ્યુતક્ષેત્ર =0

11 v^2=O+2ay=2$\left(\frac{F}{m}\right)$y=2 $\left(\frac{qE}{m}\right)$
K.E. =$\frac{1}{2}my^2$
∴ K.E. =$\frac{1}{2}m\left[2\frac{(qE)}{m}y\right]$
K.E. =qEy

12 ડાઈપોલના બંધ દ્વિભાજક પર rઅંતરે મુકેલા વિદ્યુતભાર Q પાસે વિદ્યુતક્ષેત્ર E=$\frac{P}{4\pi\varepsilon_0}$ - $\frac{1}{(r^2+a^2)^{\frac{3}{2}}}$છે.

13 પરિપક્ષને નીચે મુજબ reconstruct કરતાં



14 $F_m=\frac{F_0}{K}$ = K ગણો ઘટાડો થશે.

15 જ્યારે એક ઈલેક્ટ્રોનન બીજા ઈલેક્ટ્રોનને લાવવામાં આવે ત્યારે કાર્ય થશે (કારણ કે સમાન વિદ્યુતભારો એકબીજાને અપાકર્ષે) કાર્ય વિદ્યુત સ્થિતિઉર્જામાં સ્વરૂપે સંગ્રહ પામે તેથી તંત્રની સ્થિત વિદ્યુત સ્થિતિઉર્જામાં વધારો થશે

16 પ્લેટ વચ્ચે ઓઈલ ભરેલો હોય ત્યારે કેપેસિટરનું કેપેસિટન્સ
C = $\frac{K\varepsilon_0 A}{d}$
જો ઓઈલને દૂર કરવામાં આવે ત્યારે કેપેસિટન્સ
C` = $\frac{\varepsilon_0 A}{d}=\frac{C}{K}=\frac{C}{2}$

17



ધનને 8 શિરોબિંદુ હોવાથી ધનની સાથે સંકળાયેલા ફલકસ (શિરોબિંદુએ θવિદ્યુતભાર) હોવાથી
= $\frac{Q}{8\varepsilon_0}$

19 દરેક કેપેસિટર પરનો વિદ્યુતભાર q લ્યો.
સંગ્રહ પામતી ઉર્જા U = $\frac{1}{2}CV^2=\frac{1}{2}\frac{q^2}{C}$
હવે જ્યારે બેટરીને દૂર કર્યા પછી બીજા સમાન કેપેસિટન્સ ધરાવતાકેપેસિટરને પ્રથમ કેપેસિટર સાથે સમાંતરમાં જોડવામાં આવે ત્યારે દરેક કેપેસિટરના બે છેડા વચ્ચે ઉદભવતા વિદ્યુતસ્થિતિમાનનો તફાવત V = $\frac{q}{2c}$છે.
સંગ્રહ પામતી ઉર્જા $\frac{1}{2}C\left(\frac{q}{2C}\right)^2=\frac{1}{4}\frac{1}{2}\frac{q^2}{C}=\frac{U}{4}$

20 ઉર્જા ઘનતા = $\frac{1}{2}\varepsilon_0\frac{V^2}{d^2}$

21 જ્યારેPડાઈપોલમોમેન્ટધરાવતાએકવિદ્યુતડાઈપોલનેનિયમિ

www.scienceeducare.com

તવિદ્યુતક્ષેત્ર$\vec{E}$માંમુકવામાંઆવેત્યારેતેનાપરલાગતુંટોર્ક $\vec{\tau}= \vec{P} \times \vec{E}$છે

22 સંપૂર્ણ ઘન માટે $\emptyset= \frac{Q}{6\varepsilon_0} \times 10^{-6}$

દરેક ફલક (સપાટી) માટે $\emptyset = \frac{Q}{6\varepsilon_0} \times 10^{-6}$

23 ઘનને 8 શિરોબિંદુ હોય છે અને દરેક શિરોબિંદુ પરનો વિદ્યુતભાર (-q)છે શિરોબિંદુના કેન્દ્ર પર (+q) વિદ્યુતભાર છે.

દરેક શિરોબિંદુ ઘનના કેન્દ્રથી સમાન અંતર છે અને અંતર (d)ઘનના વિકર્ણથી અડધું છે.

ઘનનો વિકર્ણ $=\sqrt{b^2 + b^2 + b^2} =\sqrt{3}b$

$\therefore d=\frac{\sqrt{3}b}{2}$

હવે, એક શિરોબિંદુ પર રહેલા (-q)વિદ્યુતભારના કારણે (+q) વિદ્યુતભારનીવિદ્યુતસ્થિતિર્જા =U

$= \frac{q_1q_2}{4\pi\varepsilon_0 r}= \frac{(+q)\times(-q)}{4\pi\varepsilon_0\left(\frac{\sqrt{3}b}{2}\right)} = -\frac{q^2}{2\pi\varepsilon_0(\sqrt{3}b)}$

આઠ એકસમાન વિદ્યુતભારોના કારણે કુલ વિદ્યુત સ્થિતિઉર્જા

$= 8U = \frac{-8q^2}{2\pi\varepsilon_{0\sqrt{3}b}} = \frac{-4q^2}{\sqrt{3}\pi\varepsilon_0 b}$

24 પ્રથમ કેપેસિટર પરનો વિદ્યુતભાર $= q_1 = C_1V$

બીજા કેપેસિટર પરનો વિદ્યુતભાર= $q_1 =0$

જ્યારે તેઓને સમાંતર જોડવામાં આવે ત્યારે કુલ વિદ્યુતભાર $q = q_1+ q_2$

દરેક કેપેસિટરના છેડા વચ્ચે ઉદભવતો સમાન્ય વિદ્યુત સ્થિતિમાનનો તફાવત V`લ્યો, તો

$\therefore V` =\frac{q}{c} = \frac{c_1}{c_1+c_2}V$

25 સુવાહકને વિદ્યુતભાર આપેલ હોવાથી તેની અંદર વિદ્યુતક્ષેત્રની તીવ્રતા E શુન્ય છે.

ઉપરાંત, $E =\frac{-dV}{dx}$અથવા$\frac{dV}{dx} =0$ (સુવાહકની અંદર)

$\therefore V=$ અચળ [V સ્થિતિમાન છે]

26



6μFનું કેપેસિટન્સ મેળવવા 6μFના ત્રણ કેપેસિટરો પૈકી બે કેપેસીટરોને શ્રેણીમાં અને ત્રીજા કેપેસીટરને સમાંતરમાં જોડવા જોઈએ.

$= C_{સમતુલ્ય}= \frac{4\times4}{4+4} +4=2+4= 6\mu F$

27 ઘનમાંથી પસાર થતુ કુલ ફલક્સ $\emptyset_{કુલ}= \frac{q}{\varepsilon_0}$

કોઈ પમ સપાટીમાં પસાર થતું વિદ્યુત ફલકસ

$\emptyset$ ફલકસ $=\frac{q}{6\varepsilon_0} = \frac{4\pi q}{6(4\pi\varepsilon_0)}$

28 $\frac{1}{2}mv^2$ =qV મુજબ

$V= \frac{1}{2} \times \frac{2\times10^{-3}\times10\times10}{2\times10^{-6}}$ = 50kvV

29 ડાઈપોલ પર લાગતું કુલ શૂન્ય છે કારણ કે F=qE દરેક વિદ્યુતભાર પર વિરુદ્ધ દિશામાં લાગુ પડે સ્થિતિઉર્જા U= -$\vec{p}\vec{E}$જે ન્યુનત્તમ છે. આ ત્યારે જ હોય જ્યારે $\vec{p}$ અને $\vec{E}$ સમાંતર હોય.

30 C_1C_2અનેC_3શ્રેણીમાં છે.

$\frac{1}{C`}=\frac{1}{C}+\frac{1}{2C}+\frac{1}{3C}$

$\frac{1}{C`}= \frac{6+3+2}{6C} = \frac{11}{6C}$

અથવાC` $=\frac{6C}{11}$

પ્રથમ શાખામાંના બધા કેપેસિટરો શ્રેણીમાં છે. તેથી દરેક કેપેસિટર પર વિદ્યુતભાર Q`$\frac{6}{11}$CVછે.

ઉપરાંત C_4કેપેસિટર પરનો વિદ્યુતભાર Q=4CVછે.

$\therefore$ગુણોત્તર $=\frac{Q`}{Q} = \frac{6CV}{11\times4CV} = \frac{3}{22}$

31 કાર્ય શૂન્ય છે. કારણ કે A અને B પાસે સ્થિતિમાન સમાન છે.

$= \frac{1}{4\pi\varepsilon_0}\frac{q}{a}$

કણ સ્થિતિમાન બદલતો ન હોવાથી કાર્ય થતું નથી

પ્રારંભિક સ્થિતિઉર્જા

= અંતિમસ્થિતિઉર્જા

32



જ્યારે q_3 એ C બિંદુ પાસે હોય ત્યારે સ્થિતિઉર્જા

$U_1 = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q_1q_2}{0.40} + \frac{q_1q_2}{\sqrt{(0.40^2)+(0.30^2)}}\right]$

જ્યારે q_3એ Dબિંદુ પાસે હોય ત્યારે સ્થિતિ – ઉર્જા

$U_2= \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q_1q_3}{0.40} + \frac{q_2q_3}{0.10}\right]$

તેથી સ્થિતિઉર્જામાં થયો ફેરફાર

$\Delta U = U_2 - U_1 = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q_1q_3}{0.40} + \frac{q_2q_3}{0.10} - \frac{q_1q_3}{0.40} - \frac{q_2q_3}{0.50}\right]$

$K = \frac{5q_2-q_2}{0.50} = \frac{4q_2}{0.50} = 8q_2$

33 સમાંતર પ્લેટ કેપેસિટરનું કેપેસિટન્સ

$C =\frac{\varepsilon_0 A}{d}$

ઉપરાંત કેપેસિટન્સ $= \frac{\text{વિદ્યુતસ્થિતિમાનનોતફાવત}}{\text{વિદ્યુતભાર}}$

જ્યારે બેટરીને દૂર કરવામાં આવે અને કેપેસિટરની પ્લેટો વચ્ચેનું અંતર વધારવામાં આવે તો કેપેસિટરમાં વધારો થાય અને વિદ્યુતભાર અચલ રહે

કેપેસિટન્સ $= \frac{\text{વિદ્યુતસ્થિતિમાનનોતફાવત}}{\text{વિદ્યુતભાર}}$હોવાથી

www.scienceeducare.com

∴ વિદ્યુતસ્થિતિમાનનો તફાવત વધશે

34 ડાઈપોલને ø કોણે ભ્રમર કરાવવા કરવું પડતું કાર્ય

$W = \int_{o}^{\theta} PE\sin\phi d\phi = PE(1-\cos\phi)$

$\phi = 90^0$ હોવાથી

∴ $W = PE(1-\cos 90^0)$

અથવા $W = PE$

35 વિદ્યુત ફલક્સ , $\phi_E = \int \vec{E}.d\vec{S} = \int EdS\cos\theta$

$= \int EdS\cos 90° = 0$

36 A, B અને C સાથે સંકળાયેલ વિદ્યુત ફલક્સ ϕ_A, ϕ_B અને ϕ_C લ્યો.
ગાઉસના નિયમ મુજબ

$\phi_A + \phi_B + \phi_C = \frac{q}{\varepsilon_0}$

$\phi_A = \phi_C$ હોવાથી,

∴ $2\phi_A + \phi_B = \frac{q}{\varepsilon_0}$ અથવા $2\phi_A = \frac{q}{\varepsilon_0} - \phi_B$

અથવા $2\phi_A = \frac{q}{\varepsilon_0} - \phi$ ($\phi_B = \phi$ આપેલ છે.)

$\phi_A = \frac{1}{2}\left(\frac{q}{\varepsilon_0} - \phi\right)$

37 y – દિશા તરફ ડાઈપોલ મોમેન્ટ બે ડાઈપોલ્સ –q અને +q અને
x – દિશા તરફ ડાઈપોલ મોમેન્ટ બે ડાઈપોલ્સ –q અને +q ધરાવે છે.



પરિણામી મોમેન્ટ = $\sqrt{q^2a^2 + q^2a^2} = \sqrt{2}qa$

45° ના ખૂણાની દિશામાં જે OP તરફ છે. જ્યાં P $(+a, +a, 0)$ છે.

38 

AC અને BD ના કારણે વિદ્યુતક્ષેત્ર એકબીજાને નાબુદ કરે છે. CD ના કારણે વિદ્યુતક્ષેત્ર OK ની દિશામાં છે અને AKB ના કારણે E ના મૂલ્યને સમાન છે.

39 કુલંબના નિયમ પ્રમાણે, એકબીજાથી d જેટલા અંતરે આવેલ બે ધન આયનો (q વિદ્યુતભાર) વચ્ચે લાગતું અપાકર્ષણબળ = વિદ્યુતભાર ધરાવતા બે ધન આયનો વચ્ચે લાગતું અપાકર્ષણ બળ

$F = \frac{1}{4\pi\varepsilon_0}\frac{(q)(q)}{d^2} = \frac{q^2}{4\pi\varepsilon_0 d^2}$

$q^2 = 4\pi\varepsilon_0 Fd^2$

$q = \sqrt{4\pi\varepsilon_0 Fd^2}$

$q = ne$ હોવાથી,

જ્યાં,
n = ઈલેક્ટ્રોનની સંખ્યા
e = ઈલેક્ટ્રોન પરના વિદ્યુતભારનું મૂલ્ય

∴ $n = \frac{q}{e}$

$n = \frac{\sqrt{4\pi\varepsilon_0 Fd^2}}{e}$ (સમી (i) પરથી) $= \sqrt{\frac{4\pi\varepsilon_0 Fd^2}{e^2}}$

40 વિદ્યુત ફલક્સ $\phi_E = \int \vec{E}.d\vec{s}$

$= \int Eds\cos\theta$

$= \int Eds\cos 90°$

$= 0$

રેખાઓ સપાટીને સમાંતર રૂપે છે.

41 $\phi_E = \frac{Q_{\text{ઘેરાયેલ}}}{\varepsilon_0}$

તેથી ફલક્સ ત્રિજ્યા પર આધારિત ન હોવાથી ફલક્સ સમાન રહેશે.

42 

આપેલ વિદ્યુતભાર q મોટા ઘનના કેન્દ્ર એ દેખાય તે માટે આઠ એકસમાન ઘનની જરૂર પડે તેથી આપેલ ઘનમાંથી પસાર થતું વિદ્યુત ફલક્સ

$\phi = \frac{1}{8}\left(\frac{q}{\varepsilon_0}\right) = \frac{q}{8\varepsilon_0}$

43 ટોર્ક $\tau = pE\sin\theta$
સ્થિતિઉર્જા $U = -pE\cos\theta$

44 દરેક બોલનું દળ m અને દરેક બોલ પર નો વિદ્યુતભાર q છે.



અપાકર્ષણ બળ

$$F = \frac{1}{4\pi\varepsilon_0}\frac{q^2}{r^2}$$

સંતુલનમાં

$T\cos\theta = mg$ ...(i)

$T\sin\theta = F$ ...(ii)

(i) વડે (ii) ને ભાગતાં

$$\tan\theta = \frac{F}{mg} = \frac{\frac{1}{4\pi\varepsilon_0}\frac{q}{r^2}}{mg}$$

આકૃતિ (a) પરથી

$$\frac{\frac{r}{2}}{y} = \frac{\frac{1}{4\pi\varepsilon_0}\frac{q^2}{r^2}}{mg} \quad ...(iii)$$

$$\tan\theta' = \frac{\frac{1}{4\pi\varepsilon_0}\frac{q^2}{r'^2}}{mg}$$



આકૃતિ (b) પરથી

$$\frac{\frac{r'}{2}}{\frac{y}{2}} = \frac{\frac{1}{4\pi\varepsilon_0}\frac{q^2}{r'^2}}{mg} \quad ...(iv)$$

સમી. (iii) વડે (iv) ને ભાગતાં

$$\frac{2r'}{r} = \frac{r^2}{r'^2}$$

$$r'^3 = \frac{r^3}{2} \Rightarrow r' = \frac{r}{3\sqrt{2}}$$

45 પ્રશ્ન મુજબ વિદ્યુતક્ષેત્ર $E = Ar$ મુજબ બદલાય છે.



અહીં r એ ત્રિજ્યા અંતર છે.

$r = a$ માટે, $E = Aa$ ...(i)

a ત્રિજ્યાની ગોળાકાર સપાટીમાંથી બહાર આવતું ચોખ્ખું ફલક્સ

$\phi_{\text{ચોખ્ખું}} = \frac{q_{\text{em}}}{\varepsilon_0}$ છે.

$$(Aa)\times(4\pi a^2) = \frac{q}{\varepsilon_0} \quad \text{(સમી (i) પરથી)}$$

$$\therefore q = 4\pi\varepsilon_0 A a^3$$

46 અહીં, $\theta = 30°$, $E = 2\times10^5\ NC^{-1}$

$\tau = 4$ Nm, $l = 2$ cm $= 0.02$ m, $q = ?$

$\tau = PE\sin\theta = (ql)\,E\sin\theta$

$$q = \frac{\tau}{El\sin\theta} = \frac{4}{2\times10^5\times0.02\times\frac{1}{2}}$$

$$= \frac{4}{2\times10^3} = 2\times10^{-3}\ C = 2mC$$

47



આકૃતિ પરથી , AC = L, BC = L, BD = BC = L

AD = AB + BD = 2L + L = 3L

C પાસે સ્થિતિમાન $V_C = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{AC}+\frac{(-q)}{BC}\right]$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{L}-\frac{q}{L}\right] = 0$$

D પાસે સ્થિતિમાન $V_D = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{AD}+\frac{(-q)}{BD}\right]$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{3L}-\frac{q}{L}\right]$$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\frac{q}{L}\left[\frac{1}{3}-1\right] = -\frac{q}{6\pi\varepsilon_0}$$

+Q વિદ્યુતભારને અર્ધવર્તુળ CRD ની દિશામાં કરવું પડતું કાર્ય

$$W = [V_D - V_C](+Q) = \left[-\frac{q}{6\pi\varepsilon_0} - 0\right](Q) = \frac{-qQ}{6\pi\varepsilon_0 L}$$

નોંધ : C એ સ્થિતિમાન શૂન્ય છે કારણ કે વિદ્યુતભારો સમાન મૂલ્યના અને વિરુદ્ધ દિશામાં છે અને અંતર સમાન છે. −q ના કારણે D એ સ્થિતિમાન A (+q) કરતાં વધારે છે. કારણ કે D એ B ની નજીક છે. તેથી તે ઋણ છે.

48 બંને કેપેસિટરોને સમાંતર જોડેલ હોવાથી બંને કેપેસિટરો વચ્ચે ઉદભવતો વિદ્યુતસ્થિતિમાનનો તફાવત સમાન રહે.

$\therefore Q_1 = CV$

$$Q_2 = \frac{C}{2}V$$



ઉપરાંત, $Q = Q_1 + Q_2 = CV + \frac{C}{2}V = \frac{3}{2}CV$

બંને કેપેસિટરોને સંપૂર્ણ વિદ્યુતભારિત કરવા માટે કરવું પડતું કાર્ય

$$W = \frac{1}{2}QV = \frac{1}{2}\times\left(\frac{3}{2}CV\right)V = \frac{3}{4}CV^2$$

49 $V = \frac{1}{4\pi\varepsilon_0}.\frac{Q}{r} = Q.\ 10^{11}$ વોલ્ટ

$\therefore \frac{1}{r} = 4\pi\varepsilon_0 . 10^{11}$

$E = \frac{\text{સ્થિતિમાન}}{r} = Q.\ 10^{11} \times 4\pi\varepsilon_0.\ 10^{11}$

$E = 4\pi\varepsilon_0.\ Q.\ 10^{22}$ વોલ્ટ / મીટર

50

51



$V_A = \frac{1}{4\pi\varepsilon_0}\left\{\frac{q_A}{a}+\frac{q_B}{b}+\frac{q_C}{c}\right\}$

$= \frac{4\pi}{4\pi\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{a}-\frac{b^2\sigma}{b}+\frac{c^2\sigma}{c}\right\}$

$V_A = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{a}-\frac{b^2\sigma}{b}+\frac{c^2\sigma}{c}\right\}$

$V_B = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{b}-\frac{b^2\sigma}{b}+\frac{c^2\sigma}{c}\right\}$

$V_C = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{c}-\frac{b^2\sigma}{c}+\frac{c^2\sigma}{c}\right\}$

$C = a + b$ આપેલ છે.

ઉદાહરણ માટે જો $a = a$, $b = 2a$ અને $c = 3a$ તો $c > b > a$

$V_A = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{a}-\frac{4a^2\sigma}{2a}+\frac{c^2\sigma}{c}\right\}$

$V_B = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{2a}-\frac{4a^2\sigma}{2a}+\frac{c^2\sigma}{c}\right\}$

$V_C = \frac{1}{\varepsilon_0}\left\{\frac{a^2\sigma}{3a}-\frac{4a^2\sigma}{3a}+\frac{c^2\sigma}{c}\right\}$

સામાન્ય અવયવો બહાર કાઢતાં જોઈ શકાય છે કે

$V_A = V_C > V_B$ i.e., $V_A = V_C \neq V_B$

52 C કેપેસિટન્સ ધરાવતા ત્રણ કેપેસિટરો શ્રેણીમાં છે.

$\therefore$ કુલ કેપેસિટન્સ $C_{\text{કુલ}} = \frac{C}{3}$

જ્યારે કેપેસિટરો શ્રેણીમાં હોય ત્યારે વિદ્યુતભાર Q સમાન છે.

$V_{\text{કુલ}} = \frac{Q}{C} = \frac{Q}{\frac{C}{3}} = 3V$

53 (x, y, z) બિંદુએ વિદ્યુત સ્થિતિમાન

$V = -x^2y - xz^3 + 4$

વિદ્યુતક્ષેત્ર $\vec{E} = -\Delta\vec{V}$

$= -\left(\frac{\partial V}{\partial x}\hat{i}+\frac{\partial V}{\partial y}\hat{j}+\frac{\partial V}{\partial z}\hat{k}\right)$

$\therefore \vec{E} = \hat{i}\,(2xy + z^3) + \hat{j}\,x^2 + \hat{k}\,(3xz^2)$

54 દરેકનું કેપેસિટન્સ C_1 હોય તેવાં n_1 કેપેસિટરોના શ્રેણી જોડાણને 4 V ના ઉદ્ગમ (બેટરી) સાથે જોડેલ છે.



કેપેસિટરોના શ્રેણી જોડાણનું કુલ કેપેસિટન્સ

$\frac{1}{C_S} = \frac{1}{C_1}+\frac{1}{C_1}+\frac{1}{C_1}+....n_1$ પદ સુધી $= \frac{n_1}{C_1}$

અથવા $C_s = \frac{C_1}{n_1}$ ...(i)

કેપેસિટરના શ્રેણી જોડાણમાં સંગ્રહ પામતી કુલ ઉર્જા

$U_s = \frac{1}{2}C_S(4V)^2 = \frac{1}{2}\left(\frac{C_1}{n_1}\right)(4V)^2$ (i) પરથી) ...(ii)

દરેકનું કેપેસિટન્સ C_2 હોય તેવા n_2 કેપેસિટરોના સમાંતર જોડાણને V ના ઉદ્ગમ (બેટરી) સાથે જોડેલ છે.



કેપેસિટરોના જોડાણનું કુલ કેપેસિટન્સ

$C_P = C_2 + C_2 + ...+ n_2$ પદ સુધી $= n_2C_2$

અથવા $C_P = n_2C_2$ ...(iii)

કેપેસિટરોના સમાંતર જોડાણમાં સંગ્રહ પામતી કુલ ઉર્જા

$U_P = \frac{1}{2}C_P V^2$

$= \frac{1}{2}(n_2 C_2)(V)^2$ (...(iii) પરથી) ...(iv)

પ્રશ્નમાં આપેલ મુજબ

$U_s = U_P$ ...(v)

સમી. (ii) અને (iv) પરથી U_s અને U_P ના મૂલ્યોને સમી. (v) માં મુકતાં

$\frac{1}{2}\frac{C_1}{n_1}(4V)^2 = \frac{1}{2}(n_2C_2)(V)^2$

અથવા $\frac{C_1 16}{n_1} = n_2 C_2$

અથવા $C_2 = \frac{16C_1}{n_1n_2}$

55 ગાઉસના નિયમ પ્રમાણે

$\phi_E = \frac{Q_{\text{બંધાયેલ}}}{\varepsilon_0}$

જો ગાઉસિયન સપાટીની ત્રિજ્યા બમણી થાય તો બહારની તરફ ઉદ્ભવતું વિદ્યુતફલક્સ સમાન રહેશે. કારણ કે વિદ્યુત ફલક્સ માત્ર સપાટી વડે ઘેરાતા વિદ્યુતભાર પર આધારિત છે.

56



PS નું મધ્યબિંદુ A છે.

$\therefore PA = AS = L$

$AR = AQ$

$= \sqrt{(SR)^2 + (AS)^2}$

$= \sqrt{(2L)^2 + (L)^2}$

$= L\sqrt{5}$

આપેલ વિદ્યુતભારોની ગોઠવણને (સંરચના) કારણે A બિંદુ પાસે વિદ્યુત સ્થિતિમાન

$$V_A = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{PA} + \frac{q}{AS} + \frac{(-q)}{AQ} + \frac{(-q)}{AR}\right]$$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{q}{L} + \frac{q}{L} - \frac{q}{L\sqrt{5}} - \frac{q}{L\sqrt{5}}\right]$$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{2q}{L} - \frac{2q}{L\sqrt{5}}\right]$$

$$= \frac{1}{4\pi\varepsilon_0}\frac{2q}{L}\left[1 - \frac{1}{\sqrt{5}}\right]$$

57



ચોરસ ABCD ની બાજુની લંબાઈ a લ્યો.

$\therefore AC = BD = \sqrt{a^2 + a^2} = a\sqrt{2}$

$$OA = OB = OC = OD = \frac{a\sqrt{2}}{2} = \frac{a}{\sqrt{2}}$$

સ્થિતિમાન અદિશ રાશિ છે.

આપેલ વિદ્યુતભાર Q ની રચનાના કારણે કેન્દ્ર O પાસે સ્થિતિમાન

$$V = \frac{1}{4\pi\varepsilon_0}\left[\frac{(-Q)}{\left(\frac{a}{\sqrt{2}}\right)} + \frac{(-q)}{\left(\frac{a}{\sqrt{2}}\right)} + \frac{(2q)}{\left(\frac{a}{\sqrt{2}}\right)} + \frac{2Q}{\left(\frac{a}{\sqrt{2}}\right)}\right] = 0$$

$-Q - q + 2q + 2Q = 0$

અથવા $Q + q = 0$

અથવા $Q = -q$

58 વિદ્યુતક્ષેત્રની નજીક રહેલા બિંદુ પાસે વિદ્યુત સ્થિતિમાન ઓછું હોય

$\therefore V_B > V_C > V_A$

59 ડાઈઈલેકટ્રિકની અંદર વિદ્યુતક્ષેત્ર ડાઈઇલકાટ્રકના બહારના વિદ્યુતક્ષેત્ર કરતા ઓછું હોય છે. ડાઈઈલેકટ્રિકની અંદર વિદ્યુતક્ષેત્ર શૂન્ય ન હોઈ શકે. $K_2 > K_1$ હોવાથી K_2 માટે વિદ્યુતક્ષેત્રમાં થતો ઘટાડો K_1 કરતાં વધારે જ હોય.

60 વાહક ગોળા માટે

$$\text{કેન્દ્રએ સ્થિતિમાન} = \text{ગોળા પર સ્થિતિમાન} = \frac{1}{4\pi\varepsilon_0}\frac{Q}{R}$$

કેન્દ્રએ વિદ્યુતક્ષેત્ર = 0

61 અહીં, $V(x,y,z) = 6x - 8xy - 8y + 6yz$

વિદ્યુતક્ષેત્રનાં x, y અને z ઘટકો

$$E_x = -\frac{\partial V}{\partial x} = -\frac{\partial}{\partial x}(6x - 8xy - 8y + 6yz)$$

$$= -(6 - 8y) = -6 + 8y$$

$$E_y = -\frac{\partial V}{\partial y} = -\frac{\partial}{\partial y}(6x - 8xy - 8y + 6yz)$$

$$= (-8x - 8 + 6z) = 8x + 8 - 6z$$

$$E_z = -\frac{\partial V}{\partial z} = -\frac{\partial}{\partial z}(6x - 8xy - 8y + 6yz) = -6y$$

$$\vec{E} = E_x\hat{i} + E_y\hat{j} + E_z\hat{k}$$

$$= (-6+8y)\hat{i} + (8x+8-6z)\hat{j} - 6y\hat{k}$$

(1,1,1) બિંદુએ

$$\vec{E} = (-6+8)\hat{i} + (8+8-6)\hat{j} - 6\hat{k} = 2\hat{i} + 10\hat{j} - 6\hat{k}$$

વિદ્યુતક્ષેત્ર $\vec{E}$ નું મૂલ્ય

$$\vec{E} = \sqrt{E_x^2 + E_y^2 + E_z^2} = \sqrt{(2)^2 + (10)^2 + (-6)^2}$$

$$= \sqrt{140} = 2\sqrt{35}\,NC^{-1}$$

વિદ્યુતભાર વડે અનુભવાતું વિદ્યુત – બળ

$$F = qE = 2C \times 2\sqrt{35}\,NC^{-1} = 4\sqrt{35}\,N$$

62 શરૂઆતમાં $2\mu F$ ના કેપેસિટરમાં સંગ્રહ પામતી ઉર્જા

$$U_i = \frac{1}{2}CV^2 = \frac{1}{2}(2\times10^{-6})V^2 = V^2 \times 10^{-6}\,J$$

પ્રારંભમાં $2\mu F$ ના કેપેસિટરમાં સંગ્રહ પામતો વિદ્યુતભાર

$Q_i = CV = (2\times10^{-6})V = 2V \times 10^{-6}\,C$ છે.

જ્યારે કળના સ્થાનને બદલીને 2 પર લાવવામાં આવે ત્યારે બંને કેપેસિટરોમાંથી વિદ્યુતભારનું વહન થશે અને જ્યાં સુધી સામાન્ય (સમાન) વિદ્યુતસ્થિતિમાન V_C પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બંને કેપેસિટરો વિદ્યુતભારનું આદાન – પ્રદાન કરશે.

$$V_C = \frac{\text{કુલ વિદ્યુતભાર}}{\text{કુલ કેપેસિટન્સ}} = \frac{2V\times10^{-6}}{(2+8)\times10^{-6}} = \frac{V}{5}\ \text{વોલ્ટ}$$

અંતે, બંને કેપેસિટરોમાં સંગ્રહ પામતી ઉર્જા

$$U_f = \frac{1}{2}[(2+8)\times10^{-6}]\left(\frac{V}{5}\right)^2 = \frac{V^2}{5} \times 10^{-6}\,J$$

ઉર્જામાં થતો વ્યય % માં, $\Delta U = \dfrac{U_i - U_f}{U_i} \times 100$

$$= \frac{\left(V^2 - \frac{V^2}{5}\right)\times10^{-6}}{V^2\times10^{-6}} \times 100$$

$= 80\ \%$

63 અહિં, $C_1 = \frac{2\varepsilon_0 K_1 A}{3d}$, $C_2 = \frac{2\varepsilon_0 K_2 A}{3d}$

$C_3 = \frac{2\varepsilon_0 K_3 A}{3d}$

$C_4 = \frac{2\varepsilon_0 K_{24} A}{d}$

C_1, C_2, C_3 અને C_4 થી બનતો પરિપથ



$\therefore \frac{1}{C_{AB}} = \frac{1}{C_1 + C_2 + C_3} + \frac{1}{C_4}$

ધારો કે, $C_{AB} = \frac{K\varepsilon_0 A}{d}$

$$\frac{1}{K\left(\frac{\varepsilon_0 A}{d}\right)} = \frac{1}{\frac{2}{3}\frac{\varepsilon_0 A}{d}(K_1 + K_2 + K_3)} + \frac{1}{\frac{2\varepsilon_0 A}{d}K_4}$$

$$\frac{1}{K} = \frac{3}{2(K_1 + K_2 + K_3)} + \frac{1}{2K_4}$$

$$\therefore \frac{2}{K} = \frac{3}{K_1 + K_2 + K_3} + \frac{1}{K_4}$$

64 ----------

65

66

67

www.scienceeducare.com



➢ ગુજરાતી મીડીયમ ફિઝિક્સ ના વિડીયો લેકચર જોવા માટે અમારી ચેનલને સબ્સ્ક્રાઇબ કરો : **youtube channel=physics gujarati**
https://www.youtube.com/channel/UCIdECUhTcZL8uSjVz7HtwZw

➢ **JEE NEET GUJCET** જેવી એકઝામ ને ઓનલાઇન આપવા માટે વેબસાઇટ પર સબ્સ્ક્રાઇબ કરો

http://www.scienceeducareexam.com/
http://www.scienceeducare.com/

➢ NEET નું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-previous-year-questiion-jee

➢ JEE નું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-previous-year-questiion-nee-3

➢ ગુજકેટનું ગુજરાતીમાં મટીરીયલ માટે ડાઉનલોડ કરો એપ્લિકેશન
https://www.scienceeducare.com/copy-of-gujrat-board-mcq

www.scienceeducare

NEET-AIPMT

પ્રવાહ વિદ્યુત

1 4V અને 8V નું e.m.f. ધરાવતી બે **બેટરીના** આંતરીક અવરોધ અનુકશે 1 Ω અને 2 Ω છે. તેને આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે 9 Ω ના અવરોધ સાથે **જોડેલ** છે. P અને Q બિંદુઓ વચ્ચે પ્રવાહ અને વિદ્યુત **સ્થિતિમાન**, [AIPMT-1988]



(A) $\frac{1}{3}$ A અને 3V (B) $\frac{1}{6}$ A અને 4V

(B) $\frac{1}{9}$ A અને 4V (D) $\frac{1}{12}$ A અને 12V

2 કોપરના ત્રણ તારના દળનો ગુણોત્તર 1 : 3 : 5 અને તેની લંબાઈનો ગુણોત્તર 5 : 3 : 1 છે. **તેમના વિદ્યુત અવરોધનો** ગુણોત્તર, [AIPMT-1988]

(A) 1 : 3 : 5 (B) 5 : 3 : 1

(C) 1 : 25 : 125. (D) 125 : 15 : 1

3 એક વાહકમાંથી 2 A **નો પ્રવાહ પસાર કરતા** 10 sec માં 80 J જેટલી ઉષ્મા ઉત્પન્ન થાય છે. વાહકનો અવરોધ (ઓહમમાં) કેટલો હશે? [AIPMT-1989]

(A) 0.5 (B) 2 (C) 4 (D) 20

4 220 V ની સપ્લાય સાથે 40 બલ્બ શ્રેણીમાં જોડેલા છે. એક બલ્બ ઉડી ગયા પછી બાકીના 39 ને ફરી વખત શ્રેણીમાં જોડેલા છે. તેમની પ્રકાશ ઉત્સર્જકતા,

(A) 39 બલ્બ કરતાં 40 બલ્બમાં વધારે હશે.

(B) 40 બલ્બ કરતાં 39 બલ્બમાં વધારે હશે.

(C) બંને કિસ્સામાં સમાન હશે.

(D) $40^2 : 39^2$ ના ગુણોત્તરમાં હશે.

5 પહેલા n અવરોધોને શ્રેણીમાં જોડ્યા **પછી** તેમને સમાંતરમા જોડવામાં આવેલા છે. **મહત્તમ** અને ન્યુનત્તમ અવરોધનો ગુણોત્તર, [AIPMT-1989]

(A) n (B) $\frac{1}{n^2}$

(C) n^2 (D) $1/n$

6 આકૃતિમાં દર્શાવેલ **નેટવર્કમાં અવરોધની** કિંમત 1 Ω છે. A અને B વચ્ચે સમતુલ્ય અવરોધ, [AIPMT-1990]



(A) $\frac{4}{3}$ Ω (B) $\frac{3}{2}$ Ω

(C) 7 Ω (D) $\frac{8}{7}$ Ω

7 2V e.m.f. અને 1 Ω નો અવરોધ ધરાવતી બે એક સમાન બેટરીઓને **બાહ્ય અવરોધ સાથે જોડીને ઉષ્મા ઉત્પન્ન** કરવામાં આવે છે. આ બેટરીઓ વડે Rપરથી મળતો **મહત્તમ પાવર કેટલો હશે?** [AIPMT-1990]

(A) 3.2 W (B) 2.0 W

(C) 1.28 W (D) 8/9 W

8 R = 10 Ω **જેટલો અવરોધ ધરાવતા અમુક સમાન** અવરોધો 1 A **જેટલો પ્રવાહ ધારણ કરવાની ક્ષમતા ધરાવે** છે. **આ અવરોધોના યોગ્ય સંયોજન વડે** 4A ની પ્રવાહ ધારણ ક્ષમતા વાળો 5Ω નો અવરોધ બનાવવો છે. આ માટે જરૂરી R **પ્રકારના અવરોધોની ન્યૂનત્તમ સંખ્યા કેટલી** હશે? [AIPMT-1990]

(A) 4 (B) 10 (C) 8 (D) 20

9 **સામાન્ય સ્થિતિમાં** વાહકમાંથી પ્રવાહનું વહન કરતા વિજભારનો વેગ, [AIPMT-1991]

(A) mm/sec ના જેટલો.

(B) **પ્રકાશના વેગ જેટલો**

(C) અમુક હજાર મીટર/**સેકન્ડ જેટલો**

(D) અમુક સો મીટર/**સેકેન્ડ જેટલો**

10 10 V e.m.f. અને 0.5 Ω ના આંતરિક અવરોધવાળી બેટરીને ચલ અવરોધ R સાથે જોડેલ છે. R ની કઈ કિંમત માટે મળતા **પાવરની કિંમત** મહત્તમ થશે? [AIPMT-1992]

(A) 0.5 Ω (B) 1.0 Ω (C) 2.0 Ω (D) 0.25 Ω

11 4 Ω ના ત્રણ અવરોધને **ત્રિકોણ** આકારમાં જોડેલા છે. કોઈ પણ બે છેડાઓ વચ્ચે અવરોધ, [AIPMT-1993]

(A) 12 Ω (B) 2 Ω (C) 6 Ω (C) 8/3 Ω

12 3 Ω ના અવરોધમાંથી **વહેતો** પ્રવાહ 0.8 એમ્પિયર હોય તો, 4 Ω ના અવરોધ પર પોટેન્શિયલ ડ્રોપ કેટલો મળે? [AIPMT-1993]

www.scienceeducare.com



(A) 9.6 V (B) 2.6 V (C) 4.8 V (D) 1.2 V

13 50 cm લંબાઈ અને 1 mm^2 આડછેદનું ક્ષેત્રફળ વાળા વાહક સાથે 2V ની બેટરી જોડતા 4A નો પ્રવાહ પસાર થાય છે. તારની અવરોધકતા, [AIPMT-1994]

(A) $4x10^{-6}$ Ω cm (B) $1x10^{-6}$ Ω cm

(C) $2x10^{-7}$ Ω cm (D) $5x10^{-7}$ Ω cm

14 3 Ω ના છ અવરોધને ષટ્કોણની બાજુઓ પર જોડેલા છે અને 6 Ω ના ત્રણ અવરોધને AC, AD અને AE બાજુઓ પર આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જોડેલા છે. A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ કેટલો હશે? [AIPMT-1994]



(A) 2 Ω (B) 6 Ω (C) 3 Ω (D) 9 Ω

15 એકમ સમયમાં 10^7 ઈલેક્ટ્રોનનું વહન કરતા વાહક તારમાંથી વહેતો પ્રવાહ, [AIPMT-1994]

(A) 1.6×10^{-12}A (B) 1.6×10^{26}A

(C) 1.6×10^{-26}A (D) 1.6×10^{12}A

16 ત્રણ દ્રવ્યોની એવી જોડ પસંદ કરો, જે વિદ્યુતના સારા વાહક હોય. [AIPMT-1994]

(A) Cu, Hg અને Naci (B) Cu, Ge અને Hg

(C) Cu, Ag અને Au (D) Cu, Si અને હિરો

17 60 W, 220V ના વિદ્યુત બલ્બના ફિલામેન્ટનો અવરોધ, [AIPMT-1994]

(A) 870 Ω (B) 780 Ω (C) 708 Ω (D) 807 Ω

18 નીચે દર્શાવેલ નેટવર્કમાં પ્રત્યેક અવરોધનું મૂલ્ય 2 Ω છે. A અને B બિંદુઓ વચ્ચે સમતુલ્ય અવરોધ, [AIPMT-1995]

(A) 3 Ω (B) 4 Ω

(C) 1 Ω (D) 2 Ω

19 સમાન ધાતુ અને સમાન લંબાઈ ધરાવતા બે તારના આડછેદના ક્ષેત્રફળનો ગુણોત્તર 3:1 છે. તેમને શ્રેણીમાં જોડેલા છે. જાડા તારનો અવરોધ 10 Ω હોય તો, સંયોજનનો કુલ અવરોધ, [AIPMT-1995]

(A) 40 Ω (B) 100 Ω

(C) $\frac{5}{2}$ Ω (D) $\frac{40}{3}$ Ω

20 એક હિટીંગ કોઈલ 100 W અને 220 V ની છે. આ કોઈલને અડધેથી કાપી, બંને ભાગને સમાંતર જોડતા પ્રત્યેક સેકન્ડે ઉત્સર્જાતી ઉર્જા [AIPMT-1995]

(A) 220 W (B) 400 W

(C) 25 W (D) 50 W

21 સારા વિદ્યુત વાહકમાં કેવા પ્રકારનો બંધ જોવા મળે છે? [AIPMT-1995]

(A) ધાત્વીય (B) વાન્દર વાલ્સ

(C) આયોનીક (D) સહસંયોજક

22 4 μF ના એક કેપેસીટરને 400 V જેટલું ચાર્જ કરવામાં આવે છે. જો તેમની પ્લેટને 2 kΩ ના અવરોધ સાથે જોડવામાં આવે તો અવરોધમાં ઉત્પન્ન થતી ઉષ્મા, [AIPMT-1995]

(A) 0.64 J (B) 1.28 J (C) 0.16 J (D) 0.32 J

23 બે બિંદુઓ A અને D વચ્ચેનો સમતુલ્ય અવરોધ કેટલો હશે? [AIPMT-1996]



(A) 30 Ω (B) 40 Ω

(C) 10 Ω (D) 20 Ω

24 નીચે આપેલ પરિપથમાંથી વહેતો પ્રવાહ, [AIPMT-1997]



(A) $\frac{2}{3}$ A (B) 1 A

(C) $\frac{1}{8}$ A (D) $\frac{2}{9}$ A

25 જંક્શન પાસે, કિર્ચોફના પ્રથમ નિયમ અનુસાર $\sum i = 0$ એ .. નું સંરક્ષણ સુચવે છે. [AIPMT-1997]

www.scienceeducare.com

(A) વેગમાન (B) કોણીય વેગમાન
(C) વિદ્યુતભાર (D) ઉર્જા

26 પ્રવાહ I અને વોલ્ટેજ V વચ્ચેનો આલેખ નીચે દર્શાવેલ છે. આલેખમાં ઋણ અવરોધ દર્શાવતો ભાગ ઓળખો. [AIPMT-1997]

(A) CD (B) DE (C) AB (D) BC

27 (100 W, 200V) ના બલ્બને 160 Volt ની સપ્લાય સાથે જોડતા કેટલા પાવરની ખપત થતી હશે? [AIPMT-1997]

(A) 100 W (B) 125 W (C) 64 W (D) 80 W

28 1 kWhr=..... = [AIPMT-1997]

(A) 36×10^{-5} J (B) 36×10^{-4} J
(C) 36×10^{5} J (D) 36×10^{3} J

29 જેમના અવરોધોનો ગુણોત્તર 1:2 હોય તેવા બે બલ્બને શ્રેણીમાં જોડતા તેમના વડે ઉત્સર્જાતા પાવરનો ગુણોત્તર, [AIPMT-1997]

(A) 2 : 1 (B) 1 : 4 (C) 1 : 1 (D) 1 : 2

30 ત્રણ સમાન અવરોધોના શ્રેણી જોડાણને કોઈ e.m.f. સાથે જોડતા 10 Watt ના પાવરનું ઉત્સર્જન કરે છે. જો સમાન અવરોધોના સમાંતર જોડાણને સમાન e.m.f. સાથે જોડતા કેટલા પાવરનું ઉત્સર્જન થશે? [AIPMT-1998]

(A) 30 (B) 10 /3 (C) 10 (D) 90

31 એક વાહકમાંથી પ્રવાહ પસાર કરી તેનું તાપમાન 5 °C જેટલું વધારવામાં આવે છે. પ્રવાહ બમણો કરતાં તાપમાનમાં કેટલો વધારો થશે? [AIPMT-1998]

(A) 20 °C (B) 16 °C (C) 10 °C (D) 12 °C

32 ત્રણ કોપરના તારની લંબાઈ અને આડછેદનું ક્ષેત્રફળ અનુક્રમે $(l, A), \left(\frac{2l}{2}, A\right), \left(\frac{l}{2}, 2A\right)$ છે. ન્યુનત્તમ અવરોધ ક્યા તારનો હશે? [AIPMT-1998]

(A) 2A જેટલા આડછેદનું ક્ષેત્રફળવાળા તાર માટે
(B) A/2 જેટલા આડછેદનું ક્ષેત્રફળવાળા તાર માટે
(C) A જેટલા આડછેદનું ક્ષેત્રફળવાળા તાર માટે
(D) ત્રણેય માટે સમાન હશે.

33 આપેલ પરિપથમાં પ્રવાહ, [AIPMT-1999]



(A) 4.99 A (B) 6.8 A (C) 8.3 A (D) 2.0 A

34 એક કોષનું e.m.f. 2V અને આંતરીક અવરોધ 0.1 Ω છે. તેને 3.9 Ω ના અવરોધ સાથે જોડેલ છે. કોષમાંથી મળતા વોલ્ટેજનું મુલ્ય કેટલું હશે? [AIPMT-1999]

(A) 1.95 V (B) 1.9 V (C) 0.5 V (D) 2 V

35 મીટર બ્રિજમાં, ડાબી બાજુએથી સમતોલન બિંદુ (એક ઓમ નો આદર્શ અવરોધ જમણી બાજુ જોડેલો છે.) નું અંતર 20 cm મળે છે. તો અજ્ઞાત અવરોધની કિંમત, [AIPMT-1999]

(A) 0.8 Ω (B) 0.5 Ω (C) 0.4 Ω (D) 0.25 Ω

36 4m લંબાઈ અને 10 Ω અવરોધ ધરાવતા પોટેશિયોમીટરના તારને 2V નો e.m.f. ધરાવતા કોષ સાથે જોડવામાં આવેલ છે. તારની એકમ લંબાઈ દિઠ વિદ્યુતસ્થિતિમાનનો તફાવત, [AIPMT-1999]

(A) 5 V/m (B) 2 V/m
(C) 0.5 V/m (D) 10 V/m

37 ડિસચાર્જ ટ્યૂબનો અવરોધ, [AIPMT-1999]

(A) બિન ઓહમીક (B) ઓહમીક
(C) શૂન્ય (D) (B) અને (C) બંને

38 આપેલ પરિપથમાં A અને B વચ્ચેનો ચોખ્ખો અવરોધ, [AIPMT-2000]



(A) $\frac{8}{3}\ \Omega$ (B) $\frac{14}{3}\ \Omega$
(C) $\frac{16}{3}\ \Omega$ (D) $\frac{22}{3}\ \Omega$

39 12 V e.m.f. અને 5×10^{-2} નો આંતરીક અવરોધ ધરાવતી ગાડીની બેટરી બાહા ઉદ્ગમ દ્વારા 60 amp નો પ્રવાહ મેળવે છે. બેટરીના ટર્મિનલ પોટેશિયલ કેટલા હશે? [AIPMT-2000]

(A) 12 V (B) 9 V (C) 15 V (D) 20 V

40 (40 W, 200 V) અને (100 W, 200 V) ના બે બલ્બ ના અવરોધો વચ્ચેનો સાચો સંબંધ [AIPMT-2000]

(A) $R_{40} < R_{100}$
(B) $R_{40} > R_{100}$
(C) $R_{40} = R_{100}$
(D) સંબંધ વિશે અનુમાન લગાડી શકાય નહિ

41 વોલ્ટેજના માપન માટે પોટેન્શિયોમીટર શ્રેષ્ઠ સાધન છે. કારણ કે, [AIPMT-2000]

(A) તેનું ગેલ્વેનોમીટર ખુબ જ સંવેદી છે. તથા શુન્ય

www.scienceeducare.com

આવર્તન આપે છે.

(B) તેના તારનો અવરોધ ખૂબ ઉંચો છે.

(C) તે બંધ પરિપથમાં વિદ્યુતસ્થિતિમાન માપે છે.

(D) તે ખુલ્લા પરિપથમાં વિદ્યુતસ્થિતિમાન માપે છે

42 કોપર અને સિલિકોનને 300 K તાપમાનથી 60 K તાપમાન જેટલા ઠંડા કરવામાં આવે છે. તેમનો વિશિષ્ટ અવરોધ. [AIPMT-2001]

(A) કોપરમાં ઘટશે પરંતુ સિલિકોનમાં વધશે.

(B) કોપરમાં વધશે પરંતુ સિલિકોનમાં ઘટશે.

(C) બંનેમાં વધશે.

(D) બંનેમાં ઘટશે.

43 વહીસ્ટન બ્રીજની પ્રત્યેક ભુજામાં અવરોધ 10 Ω છે. ગેલ્વેનોમીટર સાથે શ્રેણીમાં 10 Ω નો અવરોધ જોડતાં, બેટરીને મળતો સમતુલ્ય અવરોધ કેટલો થશે? [AIPMT-2001]

(A) 10 Ω (B) 15 Ω (C) 20 Ω (D) 40 Ω

44 જો પોટેશિયોમીટરના તારનો વિશિષ્ટ અવરોધ 10^{-7} Ω m, તેમાંથી વહેતો પ્રવાહ 0.1 amp અને આડછેદનું ક્ષેત્રફળ 10^{-6} હોય તો, સ્થિતિમાન પ્રચલન, [AIPMT-2001]

(A) 10^{-2} Volt/m (B) 10^{-4} Volt/m

(C) 10^{-6} Volt/m (D) 10^{-8} Volt/m

45 જ્યારે પરિપથ ખુલ્લો હોય ત્યારે એક કોષના ટર્મિનલ વચ્ચે વિદ્યુતસ્થિતિમાનનો તફાવત 2.2V છે. આ કોષને R = 5 Ω ના અવરોધ સાથે જોડતા વિદ્યુત સ્થિતિમાનનો તફાવત ઘટીને 1.8 V મળે છે. તો તેનો આંતરિક અવરોધ, [AIPMT-2002]

(A) $\frac{10}{9}$ Ω (B) $\frac{9}{10}$ Ω

(C) $\frac{11}{9}$ Ω (D) $\frac{5}{9}$ Ω

